Letter No: WCDD/0026/11/2023 Dt: 01-11-2023

નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધીન

મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી

પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: **WCDD/ICD/e-file/23/2022/0521/Legal Cell**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. નામ, ગુજરાત હાઈકોર્ટના **SCA/10793/2021** કેસમાં આપેલ તા. ૧૫/૦૨/૨૦૨૨ ના રોજનો ઓરલ ઓર્ડર
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૨૪/૦૯/૨૦૧૯ નો હુકમ ક્રમાંક આઈસીડી/૧૦૨૦૧૭/૩૦૩૧/બ-૧
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૧૭ નો હુકમ ક્રમાંક આઈસીડી/૧૦૨૦૧૬/૩૬૬/બ-૧
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૦૮/૨૦૨૦ નો હુકમ ક્રમાંક આઈસીડી/૧૦૨૦૧૬/૩૬૬/-બ-૧
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસનું સબંધિત અરજદાર વિષયક ચેકલીસ્ટ ચેકલીસ્ટ

//હુકમ//

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૫ પીટીશનરને મુખ્ય સેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગાર ધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાને લીધા ક્રમાંક ૨ થી ૪ થી કોષ્ટક મુજબના મુખ્ય સેવિકાઓનું ઉચ્ચતર પગાર ધોરણ અનુસુચી-૧ અનુસાર રીવાઇઝ કરવામાં આવેલ હતું. નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૫ પીટીશનરને ચુકાદા અનુસાર ૯ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૨૦૦૦-૩૫૦૦ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્ય સેવિકાનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે.

૨/- નીચે મુજબના તત્કાલીન મુખ્ય સેવિકાઓએ ચોથા પગારપંચ પ્રમાણે રૂ.૨૦૦૦-૩૫૦૦, પાંચમા પગારપંચ પ્રમાણે રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-, છઠ્ઠા પગારપંચ પ્રમાણે રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે ૪૬૦૦ પ્રમાણે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારી/અધિકારીનું નામ | નિમણુંક તારીખ | પાત્રતા તારીખ |
|---|---|---|---|
| ૧ | શ્રી જાગૃતિબેન ચિમનભાઇ ઠક્કર | ૧૪/૦૨/૧૯૯૨ | ૧૪/૦૨/૨૦૦૧ |
| ૨ | શ્રી ગીતાબેન ભરતસિંહ પરમાર | ૦૮/૦૬/૧૯૯૨ | ૩૦/૦૬/૨૦૦૧ |
| ૩ | શ્રી મિનાક્ષીબેન વિનુભાઈ પટેલ | ૧૫/૦૩/૧૯૮૮ | ૧૮/૦૩/૧૯૯૮ |
| ૪ | શ્રી પ્રીતિબેન કાન્તીભાઈ પટેલ | ૧૯/૦૨/૧૯૯૨ | ૧૯/૦૨/૨૦૦૧ |
| ૫ | શ્રીમતી ભાવનાબેન હિતેશભાઈ પટેલ | ૧૮/૧૨/૧૯૮૬ | ૦૧/૦૬/૧૯૯૬ |

૩/- ઉક્ત કર્મચારી/અધિકારીઓનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે;

1. સદરહુ હુકમ વિભાગ દ્વારા નામ.સુપ્રીમ કોર્ટમા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
2. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
3. નાણા વિભાગના તા. ૦૫/૦૭/૧૯૯૧ તથા તા. ૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે. તેમજ નાણા વિભાગના વખતોવખતના ઠરાવ તેમજ પરિપત્રમાં આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.
4. કર્મચારીએ બિનપગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં રજાઓ બાદ કરેલ ન હોય તેવા કિસ્સામાં સબંધિત કચેરીએ હુકમો કરતી વખતે બિનપગારી રજાઓ ધ્યાને લેવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતતાનું કારણ આપીને ઉ.પ.ધો.આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહિ

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએ નામ. ગુજરાત હાઇકોર્ટના નામ,ગુજરાત હાઇકોર્ટના **SCA/10793/2021** ના કેસમાં આપેલ તા. ૧૫/૦૨/૨૦૨૨ ના ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧/૧૧/૨૦૨૩ ની નોંધ પર મળેલ મજુરી અન્વયે બહાર પાડવામાંઆવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ.લેઉવા)

ઉપસચિવ

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.01
21:48:50 +05:30

File No: WCDD/CCR/e-file/23/2023/1389/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: WCDD/0026/11/2023 Dt: 01-11-2023

માહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી,(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.
4. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.
5. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. ગાંધીનગર / અમદાવાદ.
7. સંબંધિત મુખ્ય સેવિકા (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ)

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.01
21:48:50 +05:30

File No: WCDD/CCR/e-file/23/2023/1389/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*